For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### મ્યુનિસિપલ કમિશનરની સૂચનાથી પશ્ચિમ ઝોનમાં દંડાત્મક ઝુંબેશ

# વોર્ડ-૧૦ માં તંત્રના દરોડા, ૮ દુકાનોને વાગ્યા તાળાં

**ચેતવણી બાદ પણ** સુધારો ન થતાં પાલિકા એક્શન મોડમાં

શહેરમાં જાહેર આરોગ્ય અને સ્વચ્છતાની જાળવણી માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. પ્રાથમિક તબક્કે નોટિસ અને ચેતવણી આપ્યા બાદ પણ ગંદકી યથાવત રાખનારા વેપારીઓ સામે કોર્પોરેશને એક્શન મોડમાં આવીને આકરા દંડાત્મક પગલાં ભરવાનું શરૂ કર્યું છે. મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, ડેપ્યુટી કમિશનર તેમજ પશ્ચિમ ઝોનના અસિસ્ટન્ટ કમિશનર જીતેન્દ્ર બ્રહ્મભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ ઝોન કક્ષાએ દંડાત્મક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પશ્ચિમ ઝોનના વોર્ડ નંબર ૧૦ અંતર્ગત આવેલા રાણેશ્વર સર્કલ પાસેના શિવાલય કોમ્પ્લેક્સ તથા મકરંદ દેસાઈ રોડ તાંદલજા વિસ્તારમાં જાહેર માર્ગો પર ખુલ્લામાં કચરો નાખી ગંદકી ફેલાવવા અને દૂષિત પાણી રસ્તા પર છોડવા બદલ સેનેટરી તથા રેવેન્યુ શાખાની સંયુક્ત ટીમે દરોડા પાડ્યા હતા. કોર્પોરેશનની તપાસ દરમિયાન નિયમોનું ગંભીર ઉલ્લંઘન માલૂમ પડતાં ટીમે સ્થળ પર જ કાર્યવાહી હાથ ધરીને કુલ ૮ વેપારી એકમોને સીલ મારી દીધા છે. મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી આ આકરી સીલિંગ કાર્યવાહીથી જાહેર રસ્તાઓ પર ગંદકી ફેલાવતા અને સ્વચ્છતાના નિયમોનો અનાદર કરતા અન્ય વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો આગામી દિવસોમાં પણ જાહેર સ્થળો પર કચરો નાખવામાં આવશે કે ગંદુ પાણી છોડવામાં આવશે તો આ જ પ્રકારે કોઈપણ શેહશરમ વગર કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.



**આઠ એકમોની યાદી**

૧.હુકમ રજવાઈ ટી સ્ટોલ
૨.બજરંગ ટી સ્ટોલ
૩.સુરયા ડીલક્સ પાન
૪.ન્યુ બોમ્બે વઢિયારા દિલ્હી બિરિયાની
૫.મદદીના માટલા ચિકન
૬.કોઈનૂર ફેમિલી રેસ્ટોરન્ટ
૭.નાઈટ ડિનર રેસ્ટોરન્ટ
૮.અન્ય વેપારી એકમ

**મકરપુરા રોડ પર અસ્વચ્છતા બદલ ચાની દુકાન સીલ**

મકરપુરા વિસ્તારમાં કોર્પોરેશનની આરોગ્ય અને ખોરાક શાખા દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન સુસેનથી મકરપુરા જવાના મુખ્ય માર્ગ પર આવેલી એક જાણીતી ચાની દુકાનમાં ગંદકી અને સાફ-સફાઈનો ભારે અભાવ જોવા મળતા તંત્રે કડક કાર્યવાહી કરી છે. કોર્પોરેશનની ટીમે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરી હતી. તંત્ર દ્વારા બેદરકાર દુકાનદારને સ્થળ પર જ રૂ. ૫,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આરોગ્ય સંબંધિત ગંભીર ખામીઓને પગલે ચાની દુકાનને સ્થળ પર જ સીલ કરી દેવામાં આવી હતી.

### વારંવાર અંગૂઠો લેવાય છે છતાં હાથ ખાલી

# કેવડા બાગની સસ્તા અનાજની દુકાન પર હોબાળો, લાભાર્થીઓનો હલ્લાબોલ

( પ્રતિનિધિ ) વડોદરા, તા.28

શહેરના કેવડા બાગ વિસ્તારમાં આવેલી સસ્તા અનાજની દુકાન પર લાભાર્થીઓએ ભારે હોબાળો મચાવતા મામલો ગરમાયો છે. મધુવન કોમ્પલેક્ષ ખાતે આવેલી દુકાન નંબર 27 પર અનાજ ન મળતા મહિલાઓ સહિતના લાભાર્થીઓ અને દુકાન સંચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વડોદરા શહેરના કેવડા બાગ વિસ્તારમાં માહોલ ગરમાયો હતો. મધુવન કોમ્પલેક્ષ ખાતે આવેલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાન નંબર 27 પર લાભાર્થીઓનું ટોળું ઉમટી પડ્યું હતું અને ભારે હોબાળો મચાવ્યો હતો. મહિલાઓ સહિત સેંકડો લાભાર્થીઓએ દુકાન સંચાલક સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્થળ પર હાજર લાભાર્થીઓએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, અમે છેલ્લા 3 થી 4 મહિનાથી દુકાનના ધક્કા ખાઈએ છીએ. દર વખતે અંગૂઠો લઈ લેવામાં આવે છે, મશીનમાં હાજરી પુરાવી દેવાય છે, પણ અનાજ આપવામાં આવતું નથી. પૂછીએ તો કહે છે સ્ટોક ખતમ થઈ ગયો, કાલે આવજો. ગરીબ માણસ કેટલી વખત ધક્કા ખાય? કેટલાક લાભાર્થીઓએ તો એવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો કે દુકાન સંચાલક દ્વારા અનાજનો જથ્થો બારોબાર વેચી દેવામાં



આવે છે અને અમારા નામે ખોટું વિતરણ બતાવી દેવાય છે. આ રકઝક દરમિયાન લાભાર્થીઓ અને સંચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી. સમગ્ર મામલે દુકાન સંચાલક ભાવેશ ખારવાએ પોતાનો પક્ષ રજૂ કરતા જણાવ્યું હતું કે, મારા પર લગાવવામાં આવેલા તમામ આક્ષેપો ખોટા અને પાયાવિહોણા છે. સરકારના નવા નિયમ મુજબ દર મહિને રેશનકાર્ડ ધારકે રૂબરૂ આવીને અંગૂઠો લગાવવો ફરજિયાત છે. જે લોકો સમયસર અંગૂઠો નથી લગાવતા તેમનું અનાજ સરકાર દ્વારા બંધ થઈ જાય છે. હું નિયમ મુજબ જ કામ કરું છું. જેનો અંગૂઠો લાગે છે તેને હું તુરંત અનાજ આપી દઉં છું.

### મોલ મેનેજમેન્ટ સામે ગંભીર બેદરકારીના આરોપ

# સેવન સીઝ મોલના કર્મચારીનું રહસ્યમય મૃત્યુ, ન્યાય માટે પરિવારજનોનો આક્રોશ

**તબિયત લથડવા** છતાં સમયસર સારવાર ન અપાયાનો આક્ષેપ,

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮

ફતેગંજ વિસ્તારમાં આવેલા સેવન સીઝ મોલ અને તેમાં આવેલી ઈન્ફિનિટી સિનેમામાં ફરજ બજાવતા એક આશાસ્પદ યુવાનના રહસ્યમય સંજોગોમાં થયેલા મૃત્યુને કારણે ભારે ચકચાર મચી ગઈ છે. પરિવારજનોએ મોલ સંચાલકો અને સ્ટાફ પર ગંભીર બેદરકારીના આક્ષેપો લગાવ્યા છે અને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી રોષ વ્યક્ત કર્યો છે. ઈન્ફિનિટી સિનેમામાં ટિકિટ બુકિંગનું કામ કરતા ચિરાગભાઈ ધીરજભાઈ સોલંકી ઉંમર વર્ષ ૨૨ રોજિંદા



સમયની જેમ નોકરી પર ગયા હતા. સાંજના સમયે અચાનક તેમને બેચેની, છાતીમાં દુખાવો, ચક્કર આવવા જેવી તકલીફો શરૂ થઈ હતી. તેમની તબિયત વધુ લથડતાં તેમણે સ્ટાફને ઘરે જવા માટે જાણ કરી હતી. સ્ટાફે પ્રાથમિક ઉપચાર તરીકે તેમને કોલ્ડ ડ્રિંક અને જ્યુસ પીવડાવ્યો હતો, પરંતુ તબિયતમાં કોઈ સુધારો થયો નહોતો. ચિરાગભાઈના પિતા અને પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે સ્ટાફ દ્વારા સમયસર હોસ્પિટલ ખસેડવામાં ભારે બેદરકારી દાખવવામાં આવી છે. પિતાએ ટેલિફોનિક જાણ થતાં જ સ્ટાફને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવા આગ્રહ કર્યો હતો, પરંતુ સીસીટીવી ફૂટેજ મુજબ લાંબા સમય સુધી યુવાનને ત્યાં જ રઝળતો રાખવામાં આવ્યો હોવાનો દાવો પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે. મોડેથી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેને પ્રથમ ફતેગંજમાં આવેલી નરહરી હોસ્પિટલ અને બાદમાં સયાજી હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પરિવારજનોનું માનવું છે કે ચિરાગનું મોલની અંદર જ ઓન-સ્પોટ મૃત્યુ થઈ ચૂક્યું હતું. ઘટનાને પગલે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ૭૨ સોસાયટીઓનો વિરોધ

# છાણી ટીપી-૧૩ વિસ્તારમાં અશાંત ધારાની માંગ રહીશોની વિશાળ રેલી




(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮

છાણી વિસ્તારમાં આવેલા ટીપી-૧૩ વિસ્તારને ‘અશાંત ધારા’ હેઠળ આવરી લેવાની પ્રબળ માંગ સાથે આજે સ્થાનિક રહીશો રસ્તા પર ઉતરી આવ્યા હતા. ‘ટીપી-૧૩ સનાતની સંઘર્ષ સમિતિ’ના નેજા હેઠળ આ વિસ્તારની આશરે ૭૨ સોસાયટીઓના હજારો નાગરિકોએ એકઠા થઈને અકોટા ડી-માર્ટથી કલેક્ટર કચેરી સુધી એક વિશાળ રેલી યોજી હતી. વિસ્તારની સુરક્ષા, સામાજિક સમરસતા અને સ્થાનિક ઓળખને જાળવી રાખવા માટે અશાંત ધારાની આવશ્યકતા પર ભાર મૂકતા રહીશોએ સરકાર અને વહીવટી તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા બાદ દેખાવકારોએ ઉગ્ર પ્રદર્શન કરવાને બદલે એક અનોખો અને શાંતિપૂર્ણ માર્ગ અપનાવ્યો હતો. કચેરીના પ્રાંગણમાં જ બેસીને નાગરિકોએ સામૂહિક રામધૂન અને હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા, જેણે તંત્રનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.

### ડિપ્લોમા માટે 45 હજાર, ડિગ્રી 90 હજાર અને પીજી ૧.૪૫ લાખ સુધીની વાર્ષિક ફી નક્કી

# ખાલી બેઠકો વચ્ચે પણ ગુજરાતમાં ૪૨ નવી ટેકનિકલ કોલેજોને મંજૂરી

**કમિટી દ્વારા હયાત કોલેજોની** દર ત્રણ વર્ષે નાણાકીય હિસાબો અને અન્ય માપદંડોને આધારે નવી ફી નક્કી કરવામાં આવે છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

ગુજરાતમાં ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી, ફાર્મસી, એમબીએ-એમસીએ સહિતની વિવિધ ટેકનિકલ કોર્સીસમાં દર વર્ષે ખાનગી કોલેજો-યુનિવર્સિટીઓમાં હજારો બેઠકો ખાલી રહે છે, તેમ છતાં આ વર્ષે રાજ્યમાં વધુ 42 નવી ટેકનિકલ કોલેજો શરૂ થઈ છે.રાજ્ય સરકાર દ્વારા રચાયેલી ફી રેગ્યુલેશન કમિટી દ્વારા નિયમ મુજબ આ કોલેજોની એક વર્ષ માટેની હંગામી ફી મંજૂર કરવામાં આવી છે. કોલેજોમાં પ્રવેશ થયા બાદ આ ફી જાહેર કરવામાં આવી છે. આ વર્ષે શરૂ થયેલી કોલેજોમાં ડિપ્લોમા ઈજનેરીની 04, ડિપ્લોમા ફાર્મસીની 02, ડિગ્રી ફાર્મસીની 06, ડિગ્રી ઈજનેરીની 01, પીજી ઈજનેરીની 02, પીજી ફાર્મસીની 10, એમબીએની 08 અને એમસીએની 09 એમ કુલ 42 કોલેજોનો સમાવેશ થાય છે. રાજ્યમાં આવેલી ખાનગી ટેકનિકલ કોલેજો-યુનિ.ની ફી નક્કી કરવા માટે રાજ્ય સરકારે ફી રેગ્યુલેશન કમિટી રચી છે. આ કમિટી દ્વારા હયાત કોલેજોની દર ત્રણ વર્ષે નાણાકીય હિસાબો અને અન્ય માપદંડોને આધારે નવી ફી નક્કી કરાય છે. જ્યારે દર વર્ષે નવી શરૂ થતી કોલેજોની હંગામી ફી મંજૂર કરાય છે. કારણકે નવી કોલેજોના નાણાકીય હિસાબો હોતા નથી, જેથી માત્ર સ્ટાફ-ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધારે એક વર્ષની હંગામી ફી નક્કી કરાય છે. જેમાં ડિપ્લોમા કોર્સમાં 45 હજાર સુધી, ડિગ્રી કોર્સમાં 90 હજાર સુધી અને પીજી કોર્સમાં 1.45 લાખ સુધીની વાર્ષિક ફી એક વર્ષ માટે નક્કી કરાઈ છે. આ 42 કોલેજોની આગામી વર્ષથી ત્રણ વર્ષ માટે હિસાબોના આધારે ફાઈનલ ફી નક્કી કરાશે. આ 42 કોલેજોમાં મધ્ય ગુજરાતની સરકારી યુનિવર્સિટી એવી ગોવિંદ ગુરુ યુનિ.ની બી.ફાર્મ અને એમ.ફાર્મ કોલેજનો પણ સમાવેશ થાય છે. યુનિ.દ્વારા ફાર્મસી ડિપાર્ટમેન્ટમાં આ વર્ષથી બે નવા કોર્સ શરૂ કરાયા છે, જેમાં બી.ફાર્મમાં માંગેલી 50 હજાર અને પીજીમાં માંગેલી 80 હજાર ફી સંપૂર્ણ રીતે મંજૂર કરાઈ છે. જ્યારે કોઈપણ કોલેજને માંગ્યા મુજબની ફી આપવામાં આવી નથી.

### રૂા.૧૦ કરોડની ખંડણીના કેસમાં પોલીસ ગુજરાત ખૂંદશે

# રોહિત ગોદારા ગેંગની ચલાવતી કડી શોધવા પોલીસના ધમપછાડા

**વેપારીની રેકીથી** લઈ ખંડણીની વસૂલાત, હવાલા ચેનલ, વિદેશી સંપર્ક અને ડ્રગ્સ નેટવર્ક સુધી પહોંચવા કવાયત

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા ક્રાઈમ બ્રાન્ચ અને ગુજરાત ATS દ્વારા વેપારીની માહિતી ગેંગ સુધી કોણે પહોંચાડી, સ્થાનિક સ્તરે રેકી કોણે કરી અને ખંડણીની રકમની હવાલા મારફતે કોના સુધી પહોંચાડવાની હતી સહિતના વિવિધ મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. કેમિકલ વેપારીને ટાર્ગેટ કરવા માટે તેની આર્થિક સ્થિતિ, વ્યવસાય, પરિવાર અને હિલચાલ અંગેની માહિતી ગેંગ સુધી કોણે પહોંચાડી તે તપાસનો મહત્વનો મુદ્દો બન્યો છે. પોલીસ સ્થાનિક સ્તરે રેકી કરનાર વ્યક્તિની પણ શોધખોળ કરી રહી છે. આ ઉપરાંત વેપારી એકમાત્ર ટાર્ગેટ હતો કે ગુજરાતમાં અન્ય વેપારીઓ અને ધંધાર્થીઓની પણ રેકી કરવામાં આવી હતી તે દિશામાં તપાસ ચાલી રહી છે. દિલ્હીમાં રૂ.10 લાખની ટોકન રકમ લેવા પહોંચેલા કુલદીપ સ્વામીની ધરપકડ બાદ તેની પાછળના નેટવર્કની કડીઓ જોડવામાં આવી રહી છે. કુલદીપ કોના સંપર્કમાં હતો, તેને દિલ્હી કોણે મોકલ્યો અને મહેન્દ્ર દેલાણા સુધી સૂચના ક્યાંથી આવતી હતી તે અંગે પૂછપરછ અને ટેકનિકલ તપાસ ચાલી રહી છે. વેપારીને મળેલા ધમકીભર્યા કોલ અને વોઈસ નોટની તપાસ સાથે મોબાઈલ CDR તથા અન્ય ડિજિટલ પુરાવાઓ પણ ચકાસવામાં આવી રહ્યા છે.

### નમો કમલમ ખાતે બેઠક યોજી ભાજપે રજૂ કર્યા તથ્યો

# SIR મુદ્દે કોંગ્રેસના આક્ષેપો જુઠ્ઠાણા, ભાજપનો પ્રહાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

SIR પ્રક્રિયાને લઈને કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહેલા આક્ષેપો બાદ વડોદરા શહેર ભાજપે આજે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. નમો કમલમ કાર્યાલય ખાતે બોલાવાયેલી બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોની, મેયર, ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિના અધ્યક્ષ, પક્ષના નેતા, ધારાસભ્યો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



પત્રકાર પરિષદમાં ચૂંટણી પંચ અને SIR પ્રક્રિયાને લઈને વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી. ભાજપના આગેવાનોએ કોંગ્રેસના દાવાઓને નકારી કાઢતા તેને જુઠ્ઠાણા ગણાવ્યા હતા. વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોનીએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી દેશની સ્વાયત્ત બંધારણીય સંસ્થા ચૂંટણી પંચ સામે કાલ્પનિક અને સત્યહીન લેખને હથિયાર બનાવી રાહુલ ગાંધી સહિત વિપક્ષ દ્વારા નાગરિકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય કમિશનરોએ સંયુક્ત પ્રેસ રિલીઝ કરી સ્પષ્ટતા કરી છે કે SIR સંબંધિત તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવાયા છે અને તેમની વચ્ચે કોઈ મતભેદ નથી. તેમણે ઉમેર્યું કે, મતદાર યાદીમાં નામ ઉમેરવા માટેના ફોર્મ નં.6માં પણ SIR દરમિયાન કોઈ ફેરફાર કરાયો નથી. સુપ્રીમ કોર્ટે પણ મતદારોની ચકાસણી માટેની દસ્તાવેજી પ્રક્રિયા અને ડિક્લેરેશનની વ્યવસ્થાને માન્યતા આપી છે. ડો. જયપ્રકાશ સોનીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસે ચૂંટણી કમિશનરો વચ્ચે આંતરિક મતભેદોનો જે આક્ષેપ કર્યો હતો તે મનઘડંત સાબિત થયો છે.

**‘વોટ ચોરી’ અને લોકશાહીના ખૂન સામે વડોદરા કોંગ્રેસ રસ્તા પર ઊતરી**

દેશની લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા સામે હવે ગંભીર સવાલો ઉઠવા લાગ્યા છે. રાષ્ટ્રીય સ્તરે ઉઠેલા વિરોધના અહેસાસ રૂપે વડોદરા



શહેરમાં પણ કોંગ્રેસ પક્ષ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઋત્વિજ જોશીની આગેવાની હેઠળ અને પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ પદયાત્રામાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ જોડાયા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ જોરશોરથી ઉઠાવવામાં આવી હતી. વડોદરા શહેરના રેસકોર્સ વિસ્તારના ચકલી સર્કલ ખાતેથી કોંગ્રેસના કાર્યકર્તાઓ હાથમાં બેનરો અને પોસ્ટરો સાથે એકત્રિત થયા હતા. “ચૂંટણી પંચ સ્વતંત્ર રાખો” અને “વોટ ચોરી બંધ કરો” જેવા નારાઓ સાથે આ પદયાત્રા ચકલી સર્કલથી શરૂ થઈને કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી. પ્રદર્શનકારીઓએ ચૂંટણી પંચની કામગીરી સામે રોષ વ્યક્ત કરતા ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે દેશમાં ભાજપ સરકારના ઈશારે ઇલેક્શન કમિશન દ્વારા જનતાના મતની ચોરી કરવામાં આવી રહી છે.

### ઔપચારિક આદેશ/જાહેરનામું અલગથી બહાર પાડવામાં આવશે

# ઓડિટ કેસમાં આવકવેરા રિટર્ન ભરવાની મુદત લંબાવી દેવાઈ

**CBDTએ AY** 2026-27 માટે ડ્યૂ ડેટ 31 ઓક્ટોબરથી વધારી 21 નવેમ્બર કરી, ઓડિટ રિપોર્ટ માટે 21 ઓક્ટોબર સુધીની છૂટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

કેન્દ્ર સરકારના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા કરદાતાઓને મોટી રાહત આપવામાં આવી છે. એસેસમેન્ટ યર 2026-27 માટે ઓડિટને પાત્ર કરદાતાઓના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ લંબાવવામાં આવી છે. કેન્દ્ર સરકારના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા જણાવ્યા મુજબ ઈન્કમ-ટેક્સ એક્ટ, 1961ની કલમ 139ની પેટા-કલમ (1) ના એક્સપ્લેનેશન 2 હેઠળ આવતા ટેબલના ક્રમ નં. 2 માં દર્શાવેલ વ્યક્તિઓ માટે રિટર્ન ભરવાની નિયત તારીખ 31 ઓક્ટોબર, 2026 હતી, જે હવે લંબાવીને 21 નવેમ્બર, 2026 કરવામાં આવી છે. તે જ રીતે, આવા કરદાતાઓ માટે ઓડિટ રિપોર્ટ રજૂ કરવાની સ્પેસિફાઇડ ડેટ પણ લંબાવાઈ છે. અગાઉ ઓડિટ રિપોર્ટ માટેની છેલ્લી તારીખ 30 સપ્ટેમ્બર, 2026 હતી, જે હવે વધારીને 21 ઓક્ટોબર, 2026 કરવામાં આવી છે. આ અંગેનો ઔપચારિક આદેશ/જાહેરનામું અલગથી બહાર પાડવામાં આવશે તેમ કેન્દ્ર સરકારના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટના કમિશનર મીડિયા એન્ડ ટેકનિકલ પોલિસી અને સત્તાવાર પ્રવક્તા વી. રજિથાએ જણાવ્યું હતું.

### ક્રેન સ્ટાફ અને વાહન ચાલક વચ્ચે ઝપાઝપી,પોલીસે મામલો થાળે પાડ્યો

# સંગમ ચાર રસ્તા પાસે વ્હાઈટ લાઈનમાં પાર્ક કરેલ ટુવ્હીલર ટોઈંગ કરાતા હોબાળો મચ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

શહેરના સંગમ ચાર રસ્તા નજીક આવેલા શ્રી રાધે કોમ્પ્લેક્સ પાસે ટ્રાફિક પોલીસની કામગીરીને લઈને ભારે હોબાળો મચ્યો હતો. ઘટનામાં ક્રેન સ્ટાફ અને વાહન ચાલક વચ્ચે ઝપાઝપી થઈ હતી. અંતે પોલીસે મામલો થાળે પાડ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ એક વાહન ચાલકે પોતાનું ટુ વ્હીલર નિયત કરેલા વ્હાઈટ પટ્ટાની અંદર જ પાર્ક કરી હતી. છતાં ટ્રાફિક પોલીસની ટોઈંગ ક્રેને આવીને તે ગાડીને ઉંચકવાની કાર્યવાહી શરૂ કરી દીધી હતી. વ્હાઈટ પટ્ટાની અંદર વાહન હોવા છતાં ટોઈંગ કરાતા વાહન ચાલકે વિરોધ નોંધાવ્યો હતો. આ બાબતે વાહન ચાલક અને ક્રેન પરના



કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને જોતજોતામાં ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. આસપાસ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ વારસિયા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો અને બંને પક્ષને શાંત પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન પોતાનું વાહન ટોઈંગ થતું જોઈને વાહન ચાલકના પિતા પણ હાથમાં દંડો લઈને માર્ગ પર દોડી આવ્યા હતા, જેથી મામલો વધુ ગરમાયો હતો. આખરે પોલીસની દરમિયાનગીરીથી મામલો થાળે પડ્યો હતો.

સ્થાનિકોમાં ચર્ચા છે કે આખરે ભૂલ કોની? વ્હાઈટ પટ્ટામાં પાર્ક કરેલા વાહનને ઉંચકવાની કાર્યવાહી યોગ્ય છે કે કેમ તેને લઈને લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

### ઓનલાઈન બિઝનેસમાં નફાની લાલચ આપી ઠગાઇ કરી

# રેલવેના સિનિયર સેક્શન એન્જિનિયર પાસેથી ઠગોએ રૂ.૧૨.૨૯ લાખ પડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

ડભોઈમાં રહેતા અને પ્રતાપનગર ખાતે રેલવે વિભાગમાં સિનિયર સેક્શન એન્જિનિયર તરીકે ફરજ બજાવતા 43 વર્ષીય દિલીપસિંહ શિનોરાએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ આશરે જુલાઈ-2026 દરમિયાન તેમના ફેસબુક એકાઉન્ટ પર Geeta Thakur નામની વ્યક્તિની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. રિક્વેસ્ટ સ્વીકાર્યા બાદ બંને વચ્ચે ફેસબુક મેસેજથી વાતચીત શરૂ થઈ હતી. આ દરમિયાન Geeta Thakur એ ‘Way Feir Platform’ નામની અમેરિકન કંપનીમાં પોતે રોકાણ કરી સારો નફો મેળવતી હોવાનું જણાવી ઓનલાઈન બિઝનેસમાં જોડાવા માટે લાલચ આપી હતી. આરોપી મહિલાએ રેફરન્સથી સેલર એકાઉન્ટ ખોલી આપ્યું હતું અને તેમાં ઓર્ડર મળ્યા બાદ કમિશન મળવાની વાત કરી હતી. જોકે, ઓર્ડર પૂર્ણ ન થાય ત્યાં સુધી સેલર એકાઉન્ટમાંથી નાણાં બેંકમાં ઉપાડી શકાતા નહીં હોવાનું જણાવાયું હતું. ત્યારબાદ અલગ-અલગ બેંકના UPI આઈડી મોકલી તેમની પાસેથી જુદી-જુદી તારીખે ટુકડે-ટુકડે રકમ ભરાવવામાં આવી હતી. 30 જૂનથી 15 સપ્ટેમ્બર 2026 દરમિયાન 53 UPI ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.12.29 લાખ ભરાવવામાં આવ્યા હતા.

સાયબર ક્રાઈમ પોલીસને આપવામાં આવેલી ફરિયાદમાં Geeta Thakur/ Neha Sharma તથા ‘Way Feir Platform’ સાથે સંકળાયેલા અજાણ્યા વ્યક્તિઓ સામે તપાસની માંગ કરવામાં આવી છે. પોલીસ દ્વારા UPI ટ્રાન્ઝેક્શન, બેંક ખાતાઓ, મોબાઈલ નંબર અને ઓનલાઈન પ્લેટફોર્મની વિગતોના આધારે તપાસ હાથ ધરવામાં આવી છે.

### અગાઉ લીકેજ સર્જાતા કાપેલું જોડાણ ફરી આપવા પાલિકાની ટીમ પહોંચતા વિવાદ વકર્યો

# નિઝામપુરાની શ્રીધર સોસાયટીમાં પાણીની લાઈનમાં ગેરકાયદે જોડાણ મુદ્દે હોબાળો

ડેપ્યુટી એન્જિનિયરે ઉડાઉ જવાબ આપ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલી શ્રીધર સોસાયટીના મુખ્ય માર્ગ પરથી પસાર થતી પાણીની મુખ્ય લાઈનમાં કથિત રીતે ગેરકાયદેસર જોડાણ આપવાના વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. પાલિકાની ટીમ દ્વારા ફરી એકવાર આ લાઈનમાં કામગીરી શરૂ કરવામાં આવતાં જ સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા અને તંત્ર સામે ભારે વિરોધ નોંધાવી ઉગ્ર હોબાળો મચાવ્યો હતો.



સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, અગાઉ પણ આ મુખ્ય પાણીની લાઈનમાંથી એક જોડાણ આપવામાં આવ્યું હતું. જોકે, એ સમયે લાઈનમાં મોટું લીકેજ સર્જાતાં અને પાણીનું પ્રેસર ઘટી જતાં આખરે એ જોડાણ કાપી નાખવાની ફરજ પડી હતી.

આમ છતાં, આજે વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો ફરીથી એ જ સ્થળે કામગીરી કરવા માટે પહોંચી જતાં સ્થાનિકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો હતો. વિરોધ પ્રદર્શન દરમિયાન રહીશોએ પાલિકાના ડેપ્યુટી એન્જિનિયર નૈસદનો ટેલિફોનિક સંપર્ક સાધીને સ્થિતિ અંગે રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો હતો.

પરંતુ રહીશોનો ગંભીર આક્ષેપ છે કે અધિકારી દ્વારા કોઈ યોગ્ય જવાબ આપવાને બદલે અત્યંત ઉડાઉ અને બેદરકારીપૂર્વકના જવાબો આપવામાં આવ્યા હતા. એટલું જ નહીં, અધિકારીએ સ્થાનિકોની રજૂઆત સાંભળવાને બદલે પોલીસ બંદોબસ્ત બોલાવીને બળજબરીથી કામગીરી પૂર્ણ કરવાની ધમકી આપી હોવાના આક્ષેપો પણ સ્થાનિકોએ કર્યા છે.